# મોંઘવારીનો કહેર : બારમાસી મસાલાના ભાવમાં વધારો

## બારમાસી મસાલા ભરાવતા પરિવારો મૂંઝાયા : મરચું અને જીરામાં ગત વર્ષે કરતા ૩૦થી ૫૦ ટકા સુધીનો ભાવવધારો

ગાંધી.તા.૧૯

ઊનાળાની શરૂઆત થતાં જ લોકો આખા વર્ષના મસાલા ભરતા હોય છે. ગૃહિણીઓ મરચું,હળદર,ધાણાજીરું દળાવવા મસાલા માર્કેટ પહોંચે છે અને આખા વર્ષના મસાલા ભરે છે. પરંતુ આ વર્ષે મસાલા માર્કેટમાં દર વર્ષ જેટલી તેજી નથી દેખાઈ રહી. મસાલાના ભાવમાં ધરખમ વધારો થયો હોવાથી માર્કેટમાં સનકારો છવાઈ ગયો છે.મોંઘવારીના મારથી ગરીબ અને મધ્યમ વર્ગ પીડાઈ રહ્યો છે, ત્યારે મરચું અને જીરા સહિત મસાલાના પણ ભાવમાં અસહ્ય ઉછાળો આવતા બારમાસી મસાલો ભરતા લોકોની હાલત કફોડી બની છે.અત્યારે બારમાસી મસાલો ભરવાની સિઝન ચાલી રહી છે.પરંતુ આ વર્ષે મરચું અને જીરામાં ગત વર્ષે કરતા ૩૦થી ૫૦ ટકા સુધીનો ભાવવધારો જોવા મળી રહ્યો છે. જેના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.ઉનાળામાં શાકભાજીના ભાવ પણ મોંઘા થતા ગૃહિણી વર્ગ ચિંતાતુર બન્યો છે.ઝાંકળ પડવાના કારણે ઘાણાજીરૂનો પાક લોચો વળી ગયો હતો.આ વર્ષે શિયાળો છેક હોળી સુધી ચાલ્યો, સામાન્ય રીતે શિવરાત્રિ પછી ઠંડી તબક્કાવાર ઘટી જતી હોય છે. પરંતુ આ વર્ષે એવું ન બન્યું. ઠંડી છેક હમણા સુધી રહી આ સ્થિતિમાં ઠંડક અને ઝાંકળ પડવાના કારણે ઘાણાજીરૂનો પાક લોચો વળી ગયો. જેના કારણે મોટા પ્રમાણમાં ઉત્પાદનની ઘટ જોવા મળી છે. વિઘે ૧૦૦૦ કિલોના ઉત્પાદન સામે ફક્ત ૭૦૦ કિલો જીરાનું ઉત્પાદન થયું છે. મરચા અને ગરમ મસાલાના ભાવ વધારા પાછળ પેટ્રોલ, ડિઝલ અને સીએનજીમાં થયેલો ભાવવધારો પણ એક કારણ છે. જોકે, ખેતીમાં હવામાનએ ઉત્પાદન ઘટ અને ભાવવધારા માટેનું મુખ્ય કારણ વેપારીઓ માની રહ્યા છે.



### કાશ્મીરી મરચુંના ભાવ ૧૧૦૦ રૂપિયા :

ગત વર્ષે આ સિઝનમાં પિસેલું મરચું ૪૦૦થી ૫૦૦ રૂપિયે કિલોના ભાવે મળતું હતું, જેમાં આ વર્ષે રૂપિયા ૨૦૦ રૂપિયા જેટલો વધારો જોવા મળી રહ્યો છે. કાશ્મીરી મરચું ૫૦૦ રૂપિયાની જગ્યાએ ૧૧૦૦ રૂપિયા, રેશમપટ્ટી ૩૦૦ની જગ્યાએ ૬૦૦, મારવાડ મરચું ૨૫૦ની જગ્યાએ ૫૦૦ અને પટણી મરચું ૨૫૦ની જગ્યાએ ૪૫૦માં વેચાય છે. જ્યારે જીરુંમાં રૂપિયા ૪૦નો વધારો થયો છે. ગત ડિસેમ્બર માસમાં ઉપરા છાપરી બે વાવાઝોડા આવી પડતા મરચાનો પાક ખરી પડ્યો હતો. આમ પાક નુકસાની ખૂબ જ મોટાપ્રમાણમાં જોવા મળતા મરચાનું ઉત્પાદન ઓછું થયું છે અને માંગ વધી જતાં ભાવમાં વધારો થયો છે.

### ગૃહિણીઓનું બજેટ ખોરવાયું:

મરચા અને જીરાના પાક પર માવઠાનો માર પડતા ભાવમાં તોતિંગ વધારો થયો છે, જેના કારણે ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયું છે. એક તરફ મોંઘવારી વધી રહી છે લોકોની આવક ઘટી રહી છે અને બીજી તરફ મસાલાના ભાવમાં પણ અસહ્ય વધારાથી કંટાળેલી ગૃહિણીઓ ત્રાહિમામ પોકારી રહી છે.

### લોકો બારમાસી ગરમ મસાલાં ભરતા હોય છે

સિઝનમાં લોકો આખા વર્ષના ગરમ મસાલાં ભરી લેતા હોય છે પરંતુ આ વખતે લોકોએ હવે વધારે પૈસા ચુકવવા પડશે કારણ કે માવઠાને કારણે મરચું, જીરું, ધાણા સહિતના પાકનો કચ્ચરઘાણ વળી ગયો હતો જેને કારણે પાક ઓછો થયો છે અને વેપારીઓને વધારે ભાવે વેચવાની ફરજ પડી રહી છે.



ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસીએશનના ઉપક્રમે કે.બી. વાઘેલા ટ્રસ્ટ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ટૂર્નામેન્ટની વિજેતા ટીમ અને રનર્સ અપ ટીમને ટ્રોફી અપાઈ હતી. જ્યારે અન્ય ઈનામો પણ આપવામાં આવ્યા હતા. બાર એસોસીએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ રાઓલ, ઉપપ્રમુખ ભૂપેન્દ્રસિંહ ગોહિલ તથા વકીલો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રસીયો રૂપાળો, રંગરેલીયો... લાઈટ બીલ ભરતો નથી

## વીજચોરી બાબતે જાગૃતિ લાવવા ગ્રામ્ય વિસ્તારમાં લોકપ્રિય ગીતની પેરોડી બનાવી પ્રચાર કરાયો : વીડિયો વાયરલ

ગાંધીનગર, તા. ૧૯

ગ્રામ્ય વિસ્તારોમાં હજુ વીજચોરીની અનેક ઘટનાઓ બને છે. વીજ કંપનીઓના કર્મચારીઓને વારંવાર ચેકીંગ માટે જવુ પડે છે. ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા લોકોમાં વીજચોરી બાબતે જાગૃતિ લાવવાના પ્રયાસના ભાગરૂપે ગુજરાતી ગીતની પેરોડી બનાવી તેનાથી પ્રચાર કરાઈ રહ્યો છે. રસીયો રૂપાળો, રંગરેલીયો... લાઈટબીલ ભરતો નથી આ ગીતે સોશીયલ મીડિયામાં ધૂમ મચાવી છે.

ગ્રામિણ વિસ્તારોમાં રસીયો રૂપાળો, રંગરેલીયો, ઘેર જાવુ ગમતુ નથી... આ ગીત ખૂબ લોકપ્રિય છે. લગ્ન જેવા શુભ પ્રસંગોએ આ ગીતના તાલ પર ગ્રામજનો ખૂબ ઉત્સાહથી ઝુમતા જોવા મળે છે. આ ગીતની પેરોડી ઉર્જા કંપનીએ તૈયાર કરી છે અને તેના દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં હજુ ગેરકાયદે વીજ જોડાણનુ વ્યાપક ચલણ છે. ડાયરેક્ટ વીજ થાંભલેથી જ લાઈટ ખેંચવામાં આવે છે. વીજચોરીની વારંવારની ફરિયાદો બાદ વીજ કંપનીના કર્માચારીઓને



વીજચોરી અટકાવવા ચેકીંગ કરવુ પડે છે. ચેકીંગ દરમ્યાન જનજાગૃતિ માટે એક કર્મચારી માઈક પર પેરોડી ગીત રસીયો રૂપાળો, રંગરેલીયો લાઈટબીલ ભરતો નથી... એવી પંક્તિઓ લલકારે છે. આ ગીતમાં વીજચોરીના ગેરફાયદા જણાવી વીજચોરી ન કરવા સામાન્ય જનતાને સમજાવવામાં આવી રહ્યા છે. આ ગીત લલકારતા વીજકર્મીનો વીડિયો હાલમાં ટ્રેન્ડમાં છે અને સોશીયલ મીડિયા પર ખૂબ વાયરલ બન્યો છે. તેને વારંવાર ફોરવર્ડ પણ કરવામાં આવી રહ્યુ છે.

# માવઠાનો માર છેક એપ્રિલ સુધી

## માર્ચ મહિનાના અંતિમ દિવસોમાં વધુ એક સિસ્ટમ સક્રિય થશે : એપ્રિલના પ્રારંભમાં માવઠુ પડશે : ખેડૂતોના જીવ તાળવે

ગાંધીનગર, તા. ૧૯

આ વર્ષે હજુ ઉનાળો શરૂ થયો ન થયો ત્યાં જાણે ચોમાસુ આવી ગયુ હોય એવા દશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે. ઉનાળાની ઋતુમાં જ માવઠાના મારથી ખેડૂતો પરેશાન છે ત્યારે આગામી દિવસોમાં હજુ રાજયના ઘણા જિલ્લાઓમાં માવઠુ પડી શકે છે.

રાજયમાં હાલ ઘણા વિસ્તારોમાં કમોસમી વરસાદનુ વાતાવરણ છવાયુ છે. કેટલાક વિસ્તારોમાં કરાં પણ પડ્યા છે. ઉનાળાના પ્રારંભે જ વારંવાર વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. મોસમનો મિજાજ વારે વારે બદલાઈ રહ્યો છે. જાણીતા નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યુ છે કે હાલમાં સાયકલોનિક સરક્યુલેશનની અસર જોવા મળી રહી છે.

રાજયના ઘણાં ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. હજુ આગામી ૨૨મી માર્ચ સુધી રાજ્યના અમુક ભાગોમાં કમોસમી વરસાદ પડશે. માવઠાના મારથી ખેડૂતો પરેશાન છે પરંતુ હજુ માવઠાથી છૂટકારો મળે તેમ લાગતુ નથી. અંબાલાલ પટેલે વધુમાં જણાવ્યુ છે કે હાલમાં વારંવાર સિસ્ટમ બની રહી છે જેના કારણે વરસાદ થઈ રહ્યો છે. ૨૨મી માર્ચ સુધી રાજયના ઘણા વિસ્તારોમાં માવઠુ પડશે. તે પછી ગરમી પડશે જો કે ખૂબ જ ગરમી પડતા પુનઃ બંગાળના ઉપસાગર નજીક એક વરસાદી સિસ્ટમ સક્રિય થશે જેની અસર ગુજરાત પર થશે. વળી આ સમયગાળા દરમ્યાન જ અરબી સમુદ્રનો ભેજ ગુજરાત તરફ આવશે જેના કારણે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકિનારાના ભાગોમાં કમોસમી વરસાદ થશે પરંતુ તે માવઠું હળવુ રહેશે. માર્ચ મહિનાના અંતિમ દિવસો ઉપરાંત એપ્રિલની શરૂઆતમાં પણ માવઠુ પડશે. તે પછી ગરમી વધવા માંડશે એપ્રિલ ૨૦ પછી તાપમાનનો પારો ૪૫ ડિગ્રીએ પહોંચી જશે.



અમદાવાદની શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ કન્યા છાત્રાલય ખાતે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનના સહયોગથી ઈન્ટરનેશનલ વુશુ પ્લેયર અને માર્શલ આર્ટ એક્સપર્ટ અમનદીપ સિંઘ દ્વારા મહિલા સ્વરક્ષણ અને સલામતી અંગે તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫૦ મહિલાઓએ ભાગ લીધો હતો. ઘાટલોડિયા જીઉઁઈ ટીમના ઈન્ચાર્જ પીએસઆઈ અલ્પાબેન વણઝારા તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા. આ તાલીમ સેમિનારમાં, અમનદીપ સિંહ અને તેમની ટીમે મહિલાઓને શીખવ્યું કે જ્યારે તેઓ જાતીય સતામણી, ઈવ-ટીઝિંગ, અપહરણ, બળાત્કાર વગેરે જેવી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે ત્યારે કેવી રીતે રક્ષણ કરવું.

# ખેડૂતોએ ઓર્ગેનિક ખેતી તરફ વળવું જોઈએ : અમિત શાહ

## અમિત શાહે કિસાન ભવનનું લોકાર્પણ કર્યું : ગુજરાતના મહેમાન બનેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જુનાગઢની મુલાકાતે પહોંચ્યા હતા જ્યાં તેમણે કરોડોના વિકાસકાર્યોની જિલ્લાને ભેટ આપી હતી

જુનાગઢ, તા.૧૯

ગુજરાતના મહેમાન બનેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જુનાગઢની મુલાકાતે પહોંચ્યા જ્યાં તેમણે કરોડોના વિકાસકાર્યોની જિલ્લાને ભેટ આપી છે. શાહે જુનાગઢમાં આયોજિત કાર્યક્રમ દરમિયાન કિસાન ભવનનું લોકાર્પણ કર્યું છે, જ્યારે જુનાગઢ જિલ્લા સહકારી બેંકની મુખ્ય કચેરીના ભવન અને પ્રાકૃતિક ખેતી બજારનું પણ ભૂમિપૂજન કર્યું છે. મહત્વનું છે કે આ કાર્યક્રમની સાથે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે પ્રાકૃતિક કૃષિ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આજના કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખેડૂતોને એક મહત્વની સલાહ પણ આપી છે. અમિત શાહે પોતાના કાર્યક્રમની શરુઆતમાં જ મહત્વની વાત કરીને જણાવ્યું કે, ખેડૂતોએ ઓર્ગેનિક ખેતી તરફ વળવું જોઈએ, આ ખેડૂતોના પાકની સારી કિંમત મળે તે માટે જુદી હરાજીની વ્યવસ્થા કરવામાં આવી છે. હું માનું છું કે જે ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે, તેમને પોતાની ઉપજનો ભાવ સારો મળશે. શાહે કહ્યું કે આ પ્રસંગે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવા માગું છું કે આપણી વર્ષોથી માગણી હતી તે પૂર્ણ થઈ છે. દેશ આઝાદ થયો ત્યારથી માગણી કરવામાં આવતી હતી અને તેને વડાપ્રધાન મોદીએ પૂર્ણ કરી અને નવો સહકાર વિભાગ બનાવ્યો છે, અને મારા નસીબમાં પહેલા સહકાર મંત્રી બનવાનું આવ્યું છે.

પ્રાકૃતિક ખેતી અંગે કૃષિ મંત્રીએ જે કહ્યું તેમાં ઘણાં ફાયદાની વાત કરવામાં આવી હતી. પ્રાકૃતિક ખેતી આપણી ધરતીનું જતન કરવાનો એક માત્ર રસ્તો છે. રાસાયણીક ખાતરોથી જમીનને ભારે નુકસાન થઈ રહ્યું હોવાની પણ તેમણે વાત કરી છે. તેમણે રાસાયણીક ખાતરોના ઉપયોગથી ૨૫ વર્ષ પછી આ જમીન સિમેન્ટ-કોંક્રેટ જેવી થઈ જવાની ચિંતા પણ વ્યક્ત કરી હતી.

રાસાયણીક ખાતરના કારણે આપણે ખેતરમાંથી બધા અળસિયા મારી નાખ્યા છે, તેમણે કહ્યું કે આ અળસિયું આપણાં ખેતરમાં મૂકેલું યુરિયા અને ઢછઁનું જીવતું-જાગતું કારખાનું છે. તેમણે અળસિયાના કારણે જમીનની ફળદ્રૂપતામાં વધારો થવા સહિતના તેના ફાયદા અંગે વાત કરી હતી.

અમિત શાહે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવાની સલાહ આપી અને છાણિયા ખાતરની તથા ગાય રાખનારને ૯૦૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હોવાની પણ વાત કરી હતી. તેમણે કહ્યું કે એ સાબિત થઈ ગયું છે કે પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદન ઘટતું નથી, પ્રાકૃતિક ખેતી કરવાથી ઉત્પાદન વધે છે. પ્રાકૃતિક ખેતી કરવાથી ખેતરમાં ફરી અળસિયા આવે છે અને આ પદ્ધતિ અંગેના ફાયદા પણ તેમણે ખેડૂતોને ગણાવ્યા હતા.

પોતાના વકતવ્ય દરમિયાન તેમણે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે જણાવ્યું અને કહ્યું, આપણે પ્રાકૃતિક ખેતી તરફ વળીને જોત જોતામાં આખી દુનિયાને રસ્તો બતાવવો. હું તમને વિશ્વાસ આપું છું પ્રાકૃતિક ખેતી કરવાથી ઘણાં ફાયદા થાય છે, તેનાથી જમીન ફળદ્રુપ થાય છે અને વરસાદનું પાણી આપણા જ ખેતરમાં ઉતરી જાય છે. તેમણે પ્રાકૃતિક ખેતીથી થનારા ફાયદાની સાથે પાકનો ભાવ વધારે મળવાની પણ વાત કરી છે.

# કે. ડી. હોસ્પિટલ ખાતે પ્રથમ વખત સફળતાપૂર્વક ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ થયું

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદમાં ૪૪ વર્ષીય મહિલાનું **KD** હોસ્પિટલ ખાતે પ્રથમ "**Lungs Transplant** " નું સફળ ઓપરેશન સુપરસીટીના પ્રાઈડ પરિવારના સભ્ય અને શહેરના જાણીતા પલ્મોનોલોજીસ્ટ ડૉ. પ્રદીપભાઈ ડાભી(પ્રાઈડ-૪૭) અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ છે. જે બદલ ડૉ. પ્રદીપભાઈ ને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા. સુપરસીટી પરિવાર તથા તેમની ટીમની સફળ સિદ્ધિ બદલ ગર્વની લાગણી અનુભવે છે. સુપર સીટી ના સૌ રહીશો વતી મનહરસિંહ વાઘેલા પ્રાઈડ ૧૨૯ એ ડૉ.પ્રદીપભાઈ ડાભીને તેમની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.





શ્રી મુક્તજીવન સ્વામીબાપા પ્રાથમિક શાળા, મોખાસણનું લોકાર્પણ શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં આગામી ૫ દિવસ વરસાદનો માહોલ રહેશે

અમદાવાદ, તા.૧૯

સાક્લોનિક સરક્યુલેશનની અસરના કારણે રાજ્યના વાતાવરણ પલટો આવ્યો છે. છેલ્લા ૫ દિવસથી રાજ્યના અલગ-અલગ વિસ્તારમાં ગાજવીજ અને ભારે પવન સાથે સામાન્ય વરસાદ અને કરા પડી રહ્યા છે. અને ખેડુતોને નુકસાન થય રહ્યુ છે. અને બેવડી ઋતુની અસર લોકોના સ્વાસ્થય પર પણ થય રહી છે. હજી પણ માવઠુ પીછો છોડવાનુ નથી. હવામાન વિભાગે આગાહી કરી છે. કે સાક્લોનિક સરક્યુલેશનની અસરના કારણે કમોસમી વરસાદ યથાવેત રહેશે.

આગામી ૫ દિવસ વાતાવરણ યથાવત રહેશે. રાજ્યના અમુક ભાગમાં ભારે પવન અને ગાજવીજ સાથે કે સામાન્ય વરસાદ થવાની વકી છે.

આજે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર પોરબંદર અને જુનાગઢમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે. ૨૧ માર્ચે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, કચ્છમાં ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફુકાશે અને ગાજવીજ સાથે સામાન્ય વરસાદ થશે.

# રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ગાંધીનગરની ધાર્મિ પટેલને ગોલ્ડ મેડલ




"ખેલો ગુજરાત "( શિહોલી મોટી) ગાંધીનગર ખાતે યોજાયેલ રાજયકક્ષા કરાટે સ્પર્ધા માં ગુજરાત રાજ્ય માંથી ૧૦૦ રમતવીરોએ ભાગ લીધો હતો આ સ્પર્ધામાં ધાર્મિ પટેલે કરાટે (કાતે) માં ગોલ્ડ મેડલ અને ફાઈતિંગમાં સિલ્વર મેડલ મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. જેમાં એસોશીએસનની ટીમ અને ગુજરાત રાજ્ય પેરંટ્સ એસોસિયેશનના પ્રમુખ ઉર્વેશ પટેલ એ હાજર રહી બાળકો ને મેડલ એનાયત કરી તેમનો જોશ ઉત્સાહ વધાર્યો હતો.